

આદ્ય ગચ્છસ્થાપક મુનિપ્રવર **શ્રી મોહજિતવિજયજી**
(મોટા પંડિત મ.સા.) ના પટ્ટધર
ગચ્છાધિપતિ જૈનાચાર્ય શ્રીમદ્વિજય
**યુગભૂષણસૂરિ**
(પંડિત મ. સા.)

Ref : 202012G – 02

# સકલ શ્રીસંઘ જોગ નિવેદન

## વ્યથા : જિનશાસનની એક વિષમ પરિસ્થિતિની

જગજયવંત જિનશાસન
એટલે
સમગ્ર વિશ્વમાં અજોડ ગરિમાવંત શાસન
સર્વોત્કૃષ્ટ કક્ષાનાં તારક આલંબનોની દુનિયાને ભેટ આપનાર
ધર્મતંત્ર
તેનું જ એક ગૌરવપૂર્ણ અંગ
એટલે
તરણતારણહાર **તપાગચ્છ**

વર્તમાન વિષમકાળમાં પણ લાખોનાં જીવનને અજવાળનાર પવિત્ર પરંપરા **એટલે તપાગચ્છ**.

શાસનસ્થાપક શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનાં 15મા પટ્ટધર અપ્રતિમ પુણ્યશાળી સંઘનાયક શ્રી ચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પુણ્યનામથી પ્રવર્તેલાં ચાંદ્રકુળનાં જ શાખાકુળ સમાન સુવિશાલ ગચ્છ **એટલે તપાગચ્છ**.

ભગવાન મહાવીરના ચુમ્માલીસમા પાટવી તપસમ્રાટ સમર્થ ગચ્છાધિપતિ શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજાનાં મહિમાવંત બિરૂદથી પ્રસિદ્ધિ પામેલી પાવન પરંપરા **તે જ તપાગચ્છ**.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



સેંકડો વર્ષોમાં હજારો પ્રભાવક ધર્માચાર્યો, પવિત્રતાના પુંજ સમા લાખો સાધુ-સાધ્વીજી ભગવંતો તથા કરોડો અણમોલ શ્રાવક-શ્રાવિકાઓની રત્નકુક્ષી પરંપરા **એટલે તપાગચ્છ**.

કર્મગ્રંથ પ્રણેતા તપાગચ્છાધિપતિ શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી, અકબરપ્રતિબોધક જગદ્ગુરુ શ્રી વિજયહીરસૂરીશ્વરજી, પ્રકાંડ વિદ્વાન ઉપા. શ્રી વિનયવિજયજી, મહાસમર્થ પ્રાવચનિક પ્રભાવક ઉપા. શ્રી યશોવિજયજી આદિ અનેકાનેક પરમોપકારી મહાપુરુષો – જેમની સમૃદ્ધ વાણીનો વારસો વર્તમાનમાં પણ સકળ સંઘનું બેજોડ જમા પાસું છે તેવાં નરરત્નોની જનેતા સમાન પરંપરા **તે જ તપાગચ્છ**.

જબરદસ્ત લોકોપકારક અઢળક સાહિત્યની માત્ર જૈનશાસન જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને ભેટ ધરનાર પરંપરા **એટલે તપાગચ્છ**.

શ્વેતાંબરોમાં સૌથી વધુ વ્યાપ, પ્રભાવ, અનુયાયીઓની સંખ્યા ધરાવનાર તથા સૌથી વધુ સમૃદ્ધ ને વિપુલ સાહિત્ય સમૃદ્ધિ ધરાવનાર ગચ્છ **એટલે તપાગચ્છ**.

જિનશાસન – તેની ગરિમા - તેનાં તીર્થો આદિની સીમાચિહ્ન સમી સુરક્ષા કરનાર, ધર્મઝનૂની રાજાઓને પણ પ્રતિબોધ, અમારિપ્રવર્તન આદિ નેત્રદીપક શાસનપ્રભાવના કરનાર સામર્થ્યવંતી પરંપરા **એટલે તપાગચ્છ**.

જેમનાં પૂર્વપુરુષોએ શાસ્ત્રાનુસારિતા અને હઠાગ્રહનિષેધને મુખ્ય નીતિ તરીકે પ્રસ્થાપિત કરેલ છે તેવો ગચ્છ **એટલે તપાગચ્છ**.

હજારો ધર્મસ્થાનકો, હજારો સાધુ-સાધ્વી તથા લાખો શ્રાવક-શ્રાવિકાઓના ગંજાવર ધર્મતંત્ર દ્વારા લોકકલ્યાણનો ધસમસતો ધોધ વહાવનાર તેજસ્વી **પરંપરા તે તપાગચ્છ** !

**આ તપાગચ્છ ઉપર વર્તમાનમાં વિકરાળ આપત્તિનો સકંજો છવાઈ રહ્યો છે....**

જેમાં સંપૂર્ણ ગચ્છની – શાસન સેવા કરવાની ક્ષમતા, નવી પેઢીને ધર્માભિમુખ કરવાનું સામર્થ્ય, જિનશાસનની મહત્ત્વપૂર્ણ તત્ત્વની વાતો નિરાબાધપણે જન-જન સુધી પહોંચાડનારું માળખું તહસ-નહસ થઈ જાય એ હદે વિશાળ અખંડ તપાગચ્છને અલગ-અલગ ટુકડાઓમાં ફેરવી દેવાની



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



કાર્યવાહી આરંભાઈ ચૂકી છે. તપાગચ્છ ખુદ જ હાંસિયામાં ધકેલાઈ જાય એ પદ્ધતિએ ભાગલાવાદી મિશનનાં મંડાણ થઈ ચૂક્યાં છે.

નાના-નાના માન્યતાભેદ, આચરણાઓ કે સામાચારીઓની વિવિધતા, શાસ્ત્રદૃષ્ટિએ મહત્ત્વનાં ન હોય તેવાં મુદ્દાઓ, તત્ત્વસ્થાપન માટે અનાવશ્યક મતભેદો આગળ ધરીને દેવસૂર ગચ્છ કે આણસૂર ગચ્છ, એક તિથિ પક્ષ કે બે તિથિ પક્ષનાં બેનરો હેઠળ તપાગચ્છને ઢાંકી દેવાની દુઃખદ ઘટનાઓ આકાર લેવાં લાગી છે.

જેમાં તત્ત્વભેદ ન થતો હોય તેવી મામૂલી આચરણાઓનાં નામથી પક્ષીય આગ્રહો એવી કક્ષાએ પહોંચાડવામાં આવતાં હોય છે કે,

- જે સંઘભેદનો પાયો બની જાય,
- મૂળભૂત તપાગચ્છના ક્ષેત્રો ઉપર પણ તે તે માન્યતા ધરાવનારાઓનું જ વર્ચસ્વ ઊભું થઈ જાય,
- તેનાથી ભિન્ન મતવાળાઓનું પત્તું કપાઈ જાય,
- વર્ચસ્વનાં જોરે એક પક્ષીય માન્યતાવાળાઓને જ તેમની આરાધના કરવા દેવામાં આવે,
- તેનાં સિવાયની તપાગચ્છમાં સમાવિષ્ટ થતી માન્યતાવાળાં અનુયાયીઓને પણ આરાધનામાં અંતરાય નાંખવામાં આવે.

અરે ! તે તે ક્ષેત્રમાં વર્ચસ્વ ધરાવનાર પરિબળોને અનુકૂળ મહાત્માઓનું જ સ્વાગત થાય, અનુકૂળતા અપાય,

- તેમના મુખે જ જિનવાણી સાંભળવા દેવાય,
- તેમની નિશ્રામાં જ ધર્મકાર્યો કરવા દેવાય,
- તેનાથી અન્ય પક્ષના તપાગચ્છીય સંયમી સાધુઓને પણ જાણે તપાગચ્છમાંથી બાકાત કર્યા હોય તેમ જાકારો અપાય,
- તેમના મુખેથી સંભળાવાતી જિનવાણી અશ્રાવ્ય જાહેર કરવામાં આવે,



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



- અન્ય પક્ષના મહાત્માઓની નિશ્રા, સાંનિધ્ય, ઉપદેશનો પારકા ગણીને બહિષ્કાર કરી દેવામાં આવે,
- પોતાના પક્ષની ખામીઓ ઢાંકી દેવામાં આવે,
- પારકા પક્ષની ખૂબીઓ છાવરી દેવામાં આવે.

જાણે કે પૂજ્યપાદ આનંદઘનજી મહારાજાના ઉદ્ગારો સાર્થક થતા દેખાય કે –

*''ગચ્છનાં ભેદ બહુ નયણ નિહાલતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે !*

*ઉદરભરણાદિ નિજકાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાલરાજે.''*

## વર્તમાન પરિસ્થિતિના કટુ પરિણામો

આવા વિચિત્ર વાતાવરણની અતિ ગંભીર અસરો ઊભી થાય છે. તપાગચ્છના પણ કોઈ સંસારત્યાગી મહાત્મા, તેમનો સમુદાય અથવા ગચ્છ ભલે ગમે તેટલા ત્યાગી, વૈરાગી, જ્ઞાની, આચારસંપન્ન, દેવ-ગુરુ-ધર્મને સમર્પિત કે પ્રભાવક હોય પરંતુ તેઓને પણ જો વર્તમાન તપાગચ્છમાં ટકવું હોય – સ્વસ્થતાથી વિચરવું હોય તો કોઈ એક પક્ષની માન્યતાને અનિચ્છાએ પણ મત્તું મારવું જ પડે. ભલે કદાચ તેમનો અંતરાત્મા ''આ વાત જિનવચન અનુસાર નથી'' તેમ જાણતો હોય તોપણ અન્ય કોઈ વિકલ્પ તેમના માટે બચ્યો ન હોય.

જો તેઓ પક્ષીય પરિબળોને આંખો મીંચીને સમર્થન કરવા ન માંગતા હોય તો તેમને તપાગચ્છીય સ્થાનોમાં પણ રહેવું ભારે પડી જાય. કેટલાય ગામો, નગરો, ક્ષેત્રોના દરવાજા સદાને માટે બંધ થઈ જાય. તેમના માટે ખુલ્લાં નગરોમાં પણ ડગલે ને પગલે સંયમની આરાધનાના દરેક ક્ષેત્રોમાં સ્ખલના ઊભી કરવામાં આવે. આ સંયોગોમાં શાસનની આરાધના, પ્રભાવના, રક્ષા માટેનું platform, સહાય, પીઠબળ, infrastructure વગેરે તો ભૂલી જ જવાનું. પરંતુ તેમને સંઘમાં ટકવાનો – તેમના અસ્તિત્વનો જ પ્રશ્ન ખડો થઈ જાય.

ખુદ ભગવાન મહાવીરે, શાસનનાયક ગણધર ભગવંતોને અને તેમના વંશજોને આગળ આગળ ધર્મમાર્ગ પ્રવર્તન અને વહનની જવાબદારીઓ સોંપી છે. તેને અદા કરવા જે અધિકારો તીર્થંકર પ્રદત્ત છે તેની ઉપર તે જ પ્રભુના અનુયાયીઓ, તપાગચ્છના અમુક આંતરિક સામાન્ય મતભેદોમાં સમર્થન કે



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



વિરોધ નહીં કરવાના બહાના હેઠળ તદ્દન ગેરવાજબી પ્રતિબંધ બેસાડવા લાગ્યા છે. જે મતભેદો માન્ય કે અમાન્ય કરવાથી ધર્મ, શાસન કે સંઘ તો શું તપાગચ્છની મર્યાદાને પણ આંચ પહોંચતી નથી, છતાં તેના નામે મહાત્માઓને મળેલા ધર્મપ્રચારના અધિકારોમાં બેરોકટોક રીતે દખલગીરી કરવી તે તપાગચ્છની સામાન્ય ઘટના ગણાવા લાગી છે. વળી, આ દખલ તે માત્ર વર્તમાન મહાત્માઓ ઉપરનો જ પ્રતિબંધ નથી. પરંતુ પ્રવચનાદિ દ્વારા પ્રભાવિત થઈને શાસનને પ્રાપ્ત થનારા અનેકાનેક તેજસ્વી, આશાસ્પદ, સમર્થ, પ્રભાવક મહાત્માઓ પકવવા ઉપર પ્રતિબંધ છે, તે સમજી શકાય તેવું છે.

આવું કરવાનો કોઈપણ શ્રાવક કે સાધુને જરાપણ અધિકાર નથી. ન તો કોઈપણ પંચમહાવ્રતધારી સાધુને આવતાં અટકાવવાનો કે ન તો ભગવાને ફરમાવેલ વાણી સંભળાવતાં અટકાવવાનો. મહાત્માને વસતિ પ્રદાન કરવી કે જિનવાણી સાંભળવી અને સંભળાવવી તેને જૈનશાસનમાં ઉચ્ચકક્ષાના ધર્મકાર્યોમાં સ્થાન અપાયું છે. આવાં કાર્યો નિરાબાધપણે પ્રવર્તતાં રહે તે જોવાની જવાબદારી ભગવાને આપણને આપી છે, તો તેમાં અડચણો ઊભી કરવાનો પ્રશ્ન જ કેવી રીતે આવે ? છતાં આવી અવરોધક પ્રવૃત્તિ કરનારને કેવાં ફળ ભોગવવાનાં આવે તે શાસ્ત્રના પાનેથી સાંભળતાં કમકમાટી છૂટે તેમ છે.

આ હિલચાલોનો અંજામ શું આવે, તે ગંભીરતાથી વિચારવા જેવું છે. જૈનધર્મના કેન્દ્રસ્થાને રહેલ ઠોસ મર્મો, તત્ત્વજ્ઞાનની વાતો, પ્રરૂપણાઓ, આચારમાર્ગ આદિ ઉપર સામાન્ય કહી શકાય તેવા પક્ષાપક્ષીના મુદ્દાઓ હાવી થઈને તત્ત્વમાર્ગ ઝૂંટવી લેશે. જેના પરિણામે નાસ્તિકયુગમાંથી આવનારી નવી પેઢી તો મામૂલી કહી શકાય તેવા મુદ્દાઓ કે વિવાદોને અપાતું મહત્ત્વ જોઈને ધર્મને નવ ગજના નમસ્કાર કરી દેશે. જે વર્તમાનમાં પણ વ્યાપકપણે જોવા મળે જ છે. આ ઘટના ધર્મશાસનના, તપાગચ્છના કે ભાવિ પેઢીના ભવિષ્ય ઉપર બહુ મોટું પ્રશ્નાર્થચિહ્ન મૂકે છે.

સાધુને દરેક બાબતમાં આજના કહેવાતા ટ્રસ્ટીવર્ગની ખુશામત કરીને જ પ્રારંભથી વિચરવાનું હોય, તો ચમરબંધીની પરવા કર્યા વિના રાજા-મહારાજાઓને પણ હિતકારી સત્ય અવસરોચિત રીતે અવશ્ય કહેવું, તેવી શાસ્ત્રકથિત વિધિ મુજબ નિર્ભીક અને મધ્યસ્થ દેશના આપનારાં સાધુઓ શાસનમાં કેવી રીતે પાકશે ?



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



તપાગચ્છને ખૂણામાં ધકેલી દઈને બીજા-ત્રીજા પક્ષીય નામો ઉછાળવાની પદ્ધતિને કારણે તપાગચ્છની સ્વતંત્ર અસ્મિતા કે અસ્તિત્વ ભૂંસાઈ જવાનું ભયસ્થાન દેખાઈ રહ્યું છે. આપણા પૂર્વજોએ પ્રાણ રેડીને સમૃદ્ધ બનાવેલા વારસાને પક્ષાપક્ષીને નામે ગૂમાવી દેવાનું મસમોટું જોખમ આપણા માથે ઝળૂંબી રહ્યું છે.

## તપાગચ્છના વર્તમાન નેતૃત્વની પરિસ્થિતિ

આ હૃદયદ્રાવક, ચિંતાજનક પરિસ્થિતિમાં સવેળા નિરાકરણ લાવવા સુજ્ઞજનોએ જાગવાની શીઘ્ર આવશ્યકતા છે. આ વાતાવરણને દૂર ન કરી શકીએ તો ભાવિમાં માઠા ફળ સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને ભોગવવાનાં આવે તેવાં સંકેતો દેખાઈ રહ્યાં છે.

પરંતુ, અફસોસની વાત એ છે કે શ્રમણોના નેતૃત્વમાં મોટેભાગે પક્ષાપક્ષીગ્રસ્તતા કે નિષ્ક્રિયતા નજરે ચડે છે. સાથે ભારે ખેદની વાત છે કે, સક્ષમ શ્રાવકો જાગ્રત થવા તૈયારી દર્શાવતા નથી અને સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘનું પ્રતિનિધિત્વ ધરાવનાર સંસ્થા શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પદાધિકારી શ્રાવકો તો શ્રમણ સંઘની આ વિષમ પરિસ્થિતિમાં પ્રાયઃ ઉપેક્ષા જ કરતાં રહ્યાં છે.

વળી, તેમનું પ્રતિનિધિત્વ પણ ઘણું પાંગળું છે. કારણ કે તેઓ દ્વિવિધ સંઘના જ સંચાલક તરીકે પોતાને ગણાવે છે.[1] જ્યારે વાસ્તવમાં તીર્થંકરોએ ચતુર્વિધ સંઘ સ્થાપ્યો છે. અત્યાર સુધીમાં અનંતકાળમાં કોઈપણ તીર્થંકરે દ્વિવિધ સંઘ સ્થાપ્યો નથી. **માત્ર દ્વિવિધ સંઘ કદી તીર્થંકર સ્થાપિત સંઘનું પ્રતિનિધિત્વ કરી શકે નહીં**. આ વાત વર્ષો પહેલાં ભાયખલા કેસના જજમેન્ટમાં કોર્ટ દ્વારા

---

[1] **"વ્યાખ્યા.** આ નિયમાવલીમાં પૂર્વાપર સંબંધને બાધ ન આવતો હોય તો નીચે જણાવેલા શબ્દોનો અર્થ નીચે પ્રમાણે કરવામાં આવશે. ...

શ્રીસંઘ - એટલે અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક **શ્રાવકસંઘ."**

(શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની નિયમાવલી : તા. 1-4-93 સુધીની સુધારેલ દ્વિતીય આવૃત્તિ.)



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



પણ સ્પષ્ટ કહેવાઈ છે.[2] વાસ્તવમાં પેઢીનું બંધારણ પણ આ વાતને જ સમર્થન[3] આપે છે. તેથી આણંદજી કલ્યાણજી પેઢી શ્રમણસંઘની ક્યારેય પણ પ્રતિનિધિ બની નથી અને યોગ્ય પ્રક્રિયા જ્યાં સુધી કરવામાં ન આવે ત્યાં સુધી શ્રમણોનું પ્રતિનિધિત્વ ધરાવી શકે નહીં.

વળી, આણંદજી કલ્યાણજી પેઢીનું શ્રાવકો માટેનું પ્રતિનિધિત્વ પણ વર્ષોથી ડાયનેસ્ટી રૂલના કારણે નબળું જ છે[4]. ઉપરાંત ટ્રસ્ટીશીપ માટેનાં નિયમો પણ સર્વગ્રાહી નથી[5]. તથા ટ્રસ્ટીઓની નિમણૂકમાં

---

[2] ''446.... Amritlal's claim **that Anandji Kalyanji is Shri Sangh for whole of India cannot be accepted (p. 380 of evidence) as no Sadhus or Sadhwis are its members.**''

(Suit No. 3544 of 1967 in the Bombay City Court at Bombay)

[3] **"પીઠીકા ....** અખિલ ભારતના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રીસંઘના પ્રતિનિધિ તરીકે શેઠ આણંદજી કલ્યાણજીના નામથી પરાપૂર્વથી ચાલતા આવેલા તીર્થ વગેરેનાં ધાર્મિક અને ધર્માદા ખાતાંઓના વહીવટને તા. ૧૯મી સપ્ટેમ્બર, સને ૧૮૮૦ના રોજ અમદાવાદમાં મળેલી **ભારતના મૂર્તિપૂજક શ્રાવક સંઘની સભાએ બહાલી આપી હતી** અને મજકૂર સભામાં શેત્રુંજા ડુંગર તથા દેરાસરોને લગતાં **શ્રાવક સમુદાય તરફના કામકાજો તથા કોઈપણ રીતે તેની સાથે લાગતાંવળગતાં શ્રાવક સમુદાય તરફનાં સર્વે કામ કરવા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું બંધારણ ઘડવામાં આવ્યું હતું.** અને ત્યારથી એ બંધારણ મુજબ શેઠ આણંદજી કલ્યાણજીનો વહીવટ ચાલતો હતો."

(શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની નિયમાવલી : તા. 1-4-93 સુધીની સુધારેલ દ્વિતીય આવૃત્તિ.)

**નોંધ –** આમાં શ્રમણોનું પ્રતિનિધિત્વ ત્યારના શ્રમણસંઘ પાસેથી માંગવામાં આવ્યું હોય, તેવું દેખાતું નથી.

[4] ''શેઠ પ્રેમાભાઈ હીમાભાઈ, જેમને મરહુમ શેઠ શાંતિદાસના વારસ તરીકે સદરહુ ડુંગર તથા દેરાસરો સમુદાય મજકુર તરફથી તથા તેમની વતી ટ્રસ્ટમાં સોંપાયેલા છે તે તથા શેઠ શાંતિદાસ મજકુરના કુટુંબનો જે વખતે **જે વારસ હોય તેઓ વહીવટ કરનાર પ્રતિનિધિઓની ઉપર લખેલી કમીટીના વંશપરંપરા સભાપતિ તથા ઓદ્ધાની રૂઈએ સભાસદ થાય તેઓને આથી મુકરર કરવામાં આવ્યા છે.**''

(પેઢીનું સને ૧૮૮૦નું બંધારણ ઠરાવ – ૪, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ, ભાગ-૧, પૃ. ૧૫૯)



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



ઉમેદવારનો નિર્ણય ટ્રસ્ટીઓ પૂરતો સીમિત રાખવામાં આવ્યો છે[6], એ પણ એક વિશાળ પ્રતિનિધિત્વની કચાશ દર્શાવે છે.

પ્રતિનિધિઓ માટેની constituency પણ જૈનોનાં અભૂતપૂર્વ migration છતાં reform કરાઈ નથી. એટલે proportionate પ્રતિનિધિત્વ પણ અભિવ્યક્ત થતું નથી. તે ઉપરાંત પેઢીનું બંધારણ પ્રતિનિધિઓના કોઈ substantial power પણ દર્શાવતું નથી.

આ તો પ્રતિનિધિત્વની માળખાકીય ક્ષતિઓની વાત થઈ. તદુપરાંત, પેઢી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનાં તમામ ગચ્છો કે પક્ષોના અનુયાયીઓ સાથે તટસ્થતાથી વ્યવહાર કરવાની, તેમના ધાર્મિક અધિકારોને સુરક્ષિત રાખવાની કે યોગ્ય સવલતો આપીને જાળવવાની જવાબદારીમાં પણ ખૂબ જ ઊણી ઊતરે છે. તેમનું પક્ષીય ઢળાણ પણ પ્રતિનિધિત્વને ખૂબ ધક્કો પહોંચાડનારું છે.

ભારતભરનાં સ્થાનિક સંઘોની વહીવટી સત્તા આણંદજી કલ્યાણજી પેઢીએ પોતાના બંધારણ દ્વારા હસ્તગત રાખી છે.[7] છતાં સંઘના- શાસનનાં કેટલાંય મહત્ત્વના કાર્યોની ઉપેક્ષા કરે છે અને પોતાનું કર્તવ્ય બજાવતી નથી.

---

[5] **"પ્રાદેશિક પ્રતિનિધિઓ અને ટ્રસ્ટીઓ** : ... પ્રતિનિધિ અને ટ્રસ્ટી કોણ અને ક્યારે થઈ શકે ... ૬. ... જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રાવક કે જે **અમદાવાદની રહીશ** હોય તેવા શ્રાવકની જ આ પેઢીમાં વહીવટ, વ્યવસ્થા અને સંચાલન માટે ટ્રસ્ટી તરીકે નિમણૂંક થઈ શકશે."

(શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની નિયમાવલી : તા. 1-4-93 સુધીની સુધારેલ દ્વિતીય આવૃત્તિ.)

[6] **"ટ્રસ્ટીની જગ્યા ખાલી પડે તો તે અંગે નિમણૂંક** : .... 24. આ પેઢીના ટ્રસ્ટીની કોઈ જગ્યા જો ખાલી પડે તો તેમની જગાએ **ટ્રસ્ટીની સમિતિએ અમદાવાદની રહીશ બીજી કોઈ યોગ્ય વ્યક્તિનું ટ્રસ્ટી તરીકે બહુમતિથી નામ સૂચવવું..."**

(શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની નિયમાવલી : તા. 1-4-93 સુધીની સુધારેલ દ્વિતીય આવૃત્તિ.)

[7] "ઠરાવ નં. 8 ..... તથા બીજું જે જે કામ કરવાને તેમને જરૂર લાગે તે સર્વ કરવાને આખા હિન્દુસ્થાનનો સદરહુ સકળ સંઘ અગર **જે તે સ્થળનો સંઘ પોતાને કાયદેસર જે જે કામ કરવાનો અખત્યાર છે અને હોય તે સર્વ કામ કરવાને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વખતે વખત જે જે વહીવટ કરનાર પ્રતિનિધિઓ હોય તેમને સર્વેને કે તેમની મીટીંગ મળીને ઠરાવે તે એક અગર એકથી વધારે વહીવટ કરનાર પ્રતિનિધિને કુલ અખત્યાર આપવામાં આવે છે."**

(પેઢીનું સને ૧૯૧૨નું બંધારણ ઠરાવ – ૮)



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



અરે ! પ્રતિનિધિ તરીકેની પ્રાથમિક જવાબદારી પણ દાયકાઓથી અદા થતી હોય તેવું દેખાતું નથી. કારણ કે અનેક તીર્થોનાં શ્વે. મૂ. પૂ. સંઘના હક્કો છેલ્લાં ઘણાં વર્ષોમાં ક્રમશઃ આપણે ગુમાવ્યાં છે અને તેની જૈન સંઘને ન પૂરી શકાય તેવી ખોટ ઊભી થઈ છે. છતાં ધર્માચાર્યોથી લઈને સામાન્ય જન સુધીનાં સંઘના સભ્યો આ માહિતીથી પ્રાયઃ અજ્ઞાત જ હોય છે. કારણ કે તેમને તે જનરલ માહિતી પણ પ્રસારણ દ્વારા યોગ્ય રીતે પહોંચાડવામાં આવતી નથી.

આ બધી વાતો અત્યંત આઘાતજનક છે અને આ જ રીતે લાંબો સમય ચાલ્યું તો જૈન સંઘે કેટકેટલાં ધાર્મિક અધિકારોનો કાયમી loss ભોગવવો પડશે તે કલ્પના કરવી કઠિન છે.

પ્રાંતે શાસનદેવને પ્રાર્થના કરીએ કે, આ કલિકાળમાં પણ વીરવાણી અનુસારે શાસનને જયવંતુ રાખવા શાસનમાં યોગ્ય સમર્થ પુરુષો, તેમની નિર્મલ બુદ્ધિ અને હિતકારી પ્રયત્નોને સફળ કરી સંઘનો અભ્યુદય કરવામાં સદા સહાયક બનો એ જ એક મંગલ કામના...

દ. આ. વિજયયુગભૂષણસૂરી

**વિ.સં. ૨૦૭૭, કારતક વદ - ૫** **(ગ. આ. યુગભૂષણસૂરિ)**

**તા. ૫ ડીસેમ્બર, ૨૦૨૦.**

**મુંબઈ.**

તા.ક. : આ લખાણ કરવા પાછળનું પ્રેરકબળ કોઈ વ્યક્તિગત અસંતોષ કે અપેક્ષા નથી. અમો વર્તમાન જિનશાસનમાં વર્ષોથી સંયમ આરાધના સાથે વિચરીએ છીએ. ઘણા ન વર્ણવી શકાય તેવા કડવા અનુભવો પણ પ્રભુકૃપાથી શાંતમને સ્વીકાર્યા છે અને આજીવન આ પરિસ્થિતિને સ્વપરિવાર સાથે સ્વીકારવાની તૈયારી ધરાવીએ છીએ. અગાઉ નેતૃત્વગણને યોગ્ય પ્રયત્નો દ્વારા વાકેફ અને પ્રેરિત કરવા છતાં દેખાયેલી નિષ્ક્રિયતાના કારણે માત્ર શાસનના ભાવિની ચિંતાથી આ વેદના શ્રીસંઘમાં અપરિચિત સુજ્ઞજનોને જાગ્રત કરવા જાહેરમાં મૂકી છે. ખરેખર તો આ કઠિન કાર્ય માટે અંતરમાં પ્રેરણાસ્રોત એકમાત્ર જિનાજ્ઞા જ છે.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in